ફ્રિઝ, ટીવી, કૉમ્પ્યુટર, લૅપટોપ, મોબાઈલ, એસી, કાર સહિતની લકઝુરિયસ સુવિધાઓના આસામી વધી રહ્યા છે

ગાંધીનગર શહેરમાં ૨૩,૦૦૦ પરિવારો ધનાઢ્ય

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ધનાઢ્ય પરિવારોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. કર્મચારીનગર તરીકેની છાપ ધરાવતા આ શહેરમાં હવે વેપારી અને બિઝનેસમેન પરિવારો વધતાં લોકોની લાઈફ સ્ટાઈલમાં બદલાવ આવ્યો છે. સુખ-સુવિધાની તમામ ચીજવસ્તુઓ ધરાવતા પરિવારોની સંખ્યા ૨૩૦૦૦ને આંબી રહી છે, જે દસ વર્ષ પહેલાં માત્ર ૫૦૦૦ની હતી. આ પરિવાર લકઝુરિય કહી શકાય તેવા છે.

ગાંધીનગરમાં કુલ મકાનો

કુલ	૨૮૭૨૦૦
ગ્રામ્ય	૧૬૦૪૬૦
શહેરી	૧૨૬૭૪૦

તાજેતરમાં રજૂ થયેલા સેન્સસના એક અહેવાલમાં ગુજરાતના તમામ જિલ્લા અને શહેરોની રસપ્રદ બાબતો જાહેર કરવામાં આવી છે. ધનાઢ્ય પરિવારોના ઘરમાં ફ્રિઝ, ટીવી, મોબાઈલ, લેપટોપ, કોમ્પ્યુટર, એરકન્ડિશન્ડ, બાઈક અને મોટરકારનો સમાવેશ થાય છે.

આખા જિલ્લાનું સર્વેક્ષણ કરતાં એવું જાણવા મળ્યું છે કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૦૨૭ પરિવારો એવાં છે કે જેઓ આવી ફાઈવસ્ટાર સુવિધાઓ ભોગવે છે, જેનું સિમ્પલ કારણ જમીન અને મકાનના વધતા ગયેલા ભાવો છે. ગાંધીનગરની આસપાસ આજે એક વિઘા જમીનનો ભાવ સાડા ત્રણ કરોડ થી પાંચ કરોડ સુધી પહોંચી ગયો છે.

શહેરોમાં લકઝુરિયસ ફેસેલિટી ધરાવતા પરિવારોની સંખ્યા ૨૨૭૨૨ જેટલી નોંધાઈ છે. આ પરિવારો મોજશોખની તમામ ચીજવસ્તુઓ ધરાવે છે. પહેલાના સમયમાં ફ્રિઝ અને એરકન્ડિશન્ડને લકઝુરિયસ માનવામાં આવતું હતું હવે તે જરૂરિયાત બન્યું છે.

રહેઠાણ કમ અન્ય ઉપયોગ

કુલ	૩૨૬૪
ગ્રામ્ય	૧૮૯૩
શહેરી	૧૩૭૧

મોટરકાર, બાઈક, મોબાઈલ પણ જીવનના અંગ સાથે જોડાયા છે.

મધ્યમવર્ગના લોકોનું જીવનધોરણ ઉંચકાયું છે તેની સાથે કર્મચારીઓના પગાર ધોરણ પણ વધી જતાં તેઓ દ્વિચક્રી વાહનની જગ્યાએ અત્યારે મોટરકાર લઈને ફરતા થયાં છે. સચિવાલયના પાર્કિંગમાં પહેલાં સાયકલ સ્ટેન્ડ ખૂબ મોટું અને લાંબું જોવા મળતું હતું આજે પાર્કિંગમાં મોટરકાર પણ સમાઈ શકતી નથી. સાયકલોની સંખ્યા ઓછી થઈ છે.

આજના સમયમાં પણ ગાંધીનગર જિલ્લામાં ૧૨૧૭૩૫ સાયકલો નોંધવામાં આવી છે જે પૈકી ૬૫૨૪૮ સાયકલો શહેરી વિસ્તારમાં છે. જો કે આ સંખ્યા પૈકી ૮૦ ટકા સાયકલો ભણવા જતા બાળકોની છે, જેઓ સ્કૂલમાં જવા-આવવા માટે વાપરે છે. કર્મચારી હવે સાયકલ છોડી પેટ્રોલ અને સીએનજીના વાહનો ફેરવતો થયો છે. બદલાયેલા જીવનધોરણની આ નિશાની છે.

દંપતિ માટે ઓરડાની સંખ્યા

રૂમ	શહેર	ગામ	કુલ
છ	૩૨૬૭	૭૨૪	૩૯૯૧
પાંચ	૩૯૪૬	૯૬૯	૪૯૧૫
ચાર	૯૨૫૦	૩૬૬૩	૧૨૯૧૩
ત્રણ	૩૧૧૭૯	૨૭૯૬૪	૫૯૧૪૩
બે	૪૭૭૨૬	૭૧૫૫૪	૧૧૯૨૮૦
એક	૯૬૪૫	૫૩૫૪૨	૮૩૧૮૭
પોતાના	૮૯૬૭૮	૧૪૫૧૯૫	૨૩૪૮૭૩
ભાડાના	૩૦૮૧૧	૧૧૦૯૧	૪૧૯૦૨
અન્ય	૬૨૫૧	૪૧૭૪	૧૦૪૨૫

ગાંધીનગરમાં મકાનો

	સારા	રહેવા યોગ્ય	જીર્ણ
કુલ	૧૯૨૨૭૫	૮૭૬૨૫	૫૩૦૦
ગ્રામ્ય	૯૮૦૦૪	૫૮૭૫૮	૩૬૯૮
શહેરી	૯૪૨૭૧	૩૦૮૬૭	૧૬૦૨

ગાંધીનગર જિલ્લામાં આજે પણ સાયકલ અને રેડિયોનો મોહ ઓછો થયો નથી : બદલાતી લાઈફ સ્ટાઈલ, દેખાદેખી સાથે લોકોનું જીવનધોરણ પણ ઉંચું આવ્યું છે

રેડિયોની લોકપ્રિયતા ઓછી થઈ નથી. વસ્તીના પ્રમાણમાં જોઈએ તો જિલ્લામાં ૬૨૩૪૮ ઘરમાં રેડિયો આજે રાજ કરી રહ્યો છે જે પૈકી ૪૦૫૫૪ ઘર તો શહેરોમાં આવેલા છે જ્યાં રોજ સવારે રેડિયો ઉપર ફિલ્મી ગીતો વાગે છે.

મનોરંજનના સાધન તરીકે રેડિયોની સાથે ટીવીની સંખ્યા પણ વધી છે. જિલ્લાના બે લાખ ઘરમાં ટીવી છે જે પૈકી ૬૦ ટકા ટીવી શહેરોમાં જોવા મળે છે. ઈન્ટરનેટ સાથે જોડાણ ધરાવતા કોમ્પ્યુટર અંદાજે ૧૫૦૦૦ ઘરમાં જોવા મળે છે. લેન્ડલાઈન ફોન ઘટ્યાં છે પણ મોબાઈલ ફોનમાં વિકમી ઉછાળો આવ્યો છે. શહેરમાં મોબાઈલની સંખ્યા એક લાથની આંબી રહી છે.

ખૂણે ખાંચરેથી

● કૃષિ મહોત્સવની ઉજવણીમાં ભાગ લેવા માટે આજે રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહીર ઝીંડવા ગામે ગયા હતા. ● કૃષિ મહોત્સવમાં આજે અડાલજ ખાતે આરોગ્ય કર્મચારીઓએ સ્ત્રી ભ્રૂણ હત્યા અંગે લોકજાગૃતિ આવે તેમજ આરોગ્યની વિવિધ યોજનાની જાણકારી આપતા રોલ પ્લે શિલ્પાબેન પટેલની આગેવાનીમાં રજુ કર્યા હતા. ● બાર કાઉન્સીલની ચૂંટણીમાં ગાંધીનગરના ૩ વકીલો અગ્રેસર રહ્યા છે. શ્રી કરણસિંહ વાઘેલા બીજા ક્રમે, શ્રી ગોપીનાથ અમીન ૨૨મા ક્રમે તથા શ્રી ધર્મેન્દ્ર રાવલ ૪૩ મા ક્રમે મતગણતરીમાં ચાલી રહ્યા છે. ● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આજથી ત્રિદિવસીય ગ્રીષ્મોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. ● ૧૧મી જુને પ્રવેશોત્સવના આયોજન અંગે વિચાર વિમર્શ માટે જિલ્લાના તમામ આચાર્યોની બેઠક બોલાવવામાં આવી છે.

ગાંધીનગરના કરણસિંહ બાર કાઉન્સીલમાં વિજયની લગોલગ

કોર્ટના વકીલોએ આતશબાજી કરી ખુશી વ્યકત કરી

ગાંધીનગર, તા.૧૭

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી અન્વયે હાથ ધરાયેલ કાઉન્ટીંગની કાર્યવાહી દરમિયાન એકડાના કાઉન્ટડાઉનમાં એડવોકેટ કરણસિંહ વાઘેલા બીજા ક્રમે આગળ રહેતા કોર્ટ સંકુલ બહાર વકીલોએ આતશબાજી કરી આનંદ વ્યકત કર્યો હતો.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યોની ચુંટણીને અનુલક્ષી હાથ ધરાયેલ મત ગણતરીની પ્રક્રીયા દરમિયાન રાજકોટના એડવોકેટ દીલીપ કે. પટેલે ૧૩૬૧ એકડા મેળવી ૧ લાખ ૩૬ હજાર ૧૦૦ મત પ્રાપ્ત કરી વિજેતા સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ્રેફરન્સ વોટીંગ પધ્ધતિના આધારે હાથ ધરાયેલી મતદાન પ્રક્રીયાના અંતે એડવોકેટ કરણસિંહ બી. વાઘેલા પણ ૧૦૩૦ એકડા મેળવી બીજા ક્રમે આગળ રહ્યા છે. તેમણે ૧ લાખ ત્રણ હજાર મત મેળવ્યા છે. કરણસિંહ વાઘેલા આગળ હોવાથી ડિસ્ટ્રીકટ કોર્ટના વકીલોએ પણ આજે કોર્ટ સંકુલ બહાર આતશબાજી કરી ખુશી વ્યકત કરી હતી.

બન્દોબસ્તના મહેકમમાં ૮ પી.આઈ. ૧૮ પી.એસ.આઈ. ફરજ બજાવશે

વી.વી.આઈ.પી. બન્દોબસ્ત માટે એક ડી.વાય.એસ.પી. ૧૦૦ કોન્સ્ટેબલ, એ.એસ.આઈ. સહિત ૩૦ ડ્રાઈવરો ફળવાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લામાં વી.વી.આઈ.પી. બન્દોબસ્તને અનુલક્ષી ૧૭૦ પોલીસ જવાનોની ભરતી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે એક ડી.વાય.એસ.પી., ૮ પી.આઈ. તેમજ ૧૬ પી.એસ.આઈ સહિત ૧૦૦ પોલિસ કોન્સ્ટેબલનું નવું મહેકમ ઉભું કરાશે.

પાટનગર હોવાના નાતે છાશવારે પોલીસ તંત્ર બન્દોબસ્તમાં રોકાયેલું હોવાથી કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ વધુ મુશ્કેલ બનતું જતું હોવાની લાગણી પ્રબળ બની છે. જયારે વારંવાર બન્દોબસ્તમાં રોકાયેલા રહેતા પોલીસ જવાનો માટે પણ મુંઝવણની સ્થિતિ ઉદભવે છે. આ સઘળી પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લામાં વી.વી.આઈ.પી. બન્દોબસ્તને અનુલક્ષી ૧૭૦ જેટલા પોલીસ જવાનોની ભરતી કરવાનો અગાઉ નિર્ણય લેવાયો હતો. જેને લઈને ગત બજેટમાં રૂ. ૧.૬૦ કરોડની ફાળવણી પણ કરવામાં આવી હતી. આ મામલે નાણાં વિભાગ દ્વારા પણ ખર્ચને મંજુરી આપી દેવામાં આવી છે. અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ય થતી માહિતી અનુસાર બન્દોબસ્ત માટેના આ પોલીસ મહેકમમાં એક ડી.વાય.એસ.પી., ૮ પોલીસ ઈન્સ્પેકટર, ૧૬ પોલીસ સબ ઈન્સ્પેકટર, ૧૦૦ કોન્સ્ટેબલ તેમજ અન્ય એ.એસ.આઈ. અને ૩૦ જેટલા ડ્રાઈવરની ભરતી કરવામાં આવશે અલબત્ત આ ભરતી અન્વયે બન્દોબસ્તના મહેકમમાં પોલીસ અધિકારીથી લઈ ડ્રાઈવરોનો સમાવેશ કરવામાં આવશે.

ગાંધીનગરમાં ગરમી યથાવત

ગાંધીનગર, તા.૧૭

છેલ્લા બે દિવસથી પડી રહેલી આકરી ગરમી આજે યથાવત રહી છે. મહત્તમ તાપમાન ૪૧.૮ ડિગ્રી રહેતા વસાહતીઓને ગરમીથી જરાય રાહત મળી ન હતી.

કાળઝાળ ગરમીનો દોર આગળ વધી રહ્યો છે. આજે દિવસ દરમિયાન આકરા તડકા સાથે ભારે લૂ ફૂંકાતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. સૂર્યાસ્ત બાદ પણ લૂ યથાવત રહી હતી. મહત્તમ તાપમાન ૪૧.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૨ ડિગ્રી રહ્યું હતું. જયારે ભેજ સવારે ૬૭ ટકા અને સાંજે ૨૪ ટકા નોંધાયો હતો.

ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૩૮૦ ૦૧૪

ગાંધીનગર પોલીસે લૂંટ કેસના ચાર આરોપીઓને ઝડપ્યા

ચિલોડા સર્કલ પાસે શકમંદ માલુમ પડતા પોલીસે અંગઝડતી લીધી : હથિયાર અને મોબાઈલ મળ્યા

ગાંધીનગર, તા. ૧૭

એલ.સી.બી. પોલીસે મળેલી બાતમીના આધારે ચિલોડા સર્કલ વિસ્તારમાંથી ચાર શકમંદોને ઝડતી-પૂછતાછ હાથ ધરતા દહેગામ અને ચિલોડામાં બનેલા લૂંટના બે ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લામાં બનતા મિલ્કત વિરૂદ્ધના ગુના અટકાવવા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક ઉષા રાડાની સૂચના અન્વયે એલ.સી.બી. પોલીસે સઘન પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન બાતમીના આધારે એલ.સી.બી. પી.આઈ. એન.એલ. દેસાઈ, પી.એસ.આઈ. એન.એ. વાઘેલા સહિતના સ્ટાફના માણસોએ ચિલોડા સર્કલના વિસ્તારમાં ધોતી અને સફારી પહેરીને ઉભેલા ચાર ઈસમોને કોર્ડન કરતા ચારેય શખ્સોએ ભાગવાની કોશિષ કરી હતી. પરંતુ આ વેળાએ પોલીસે શકમંદોને ઝડપી લીધા હતા જ્યારે આ ચાર પૈકી શંકર મોતીનાથ નાથજોગીની બેગ ઝડતી લેતા તેની પાસેથી કમરના ભાગે સંતાડેલો છરો તેમજ મોબાઈલ મળી આવ્યો હતો. જ્યારે આરોપી પ્રહલાદ પન્નાનાથ જોગીનાથ, આરોપી જીતુ હરીભાઈ જોગીનાથ તેમજ પપ્પુ પન્નાનાથ જોગીનાથ (તમામ રહે રાજસ્થાન)ની અંગઝડતી લેતા લોખંડનું ખાતરીયું તેમજ મોબાઈલ ફોન તેમજ સીમકાર્ડ મળી આવ્યા હતા. પોલીસે મોબાઈલ અને હથિયાર સાથે ઝડપાયેલા ચારોય શખ્સોની પૂછતાછ હાથ ધરતા દહેગામ અને ચિલોડા લૂંટ કેસમાં પણ આરોપીઓ સંડોવાયેલા હોવાનું ધ્યાને આવ્યું હતું. આ બાબતે પોલીસે આરોપીઓની વધુ પૂછતાછ હાથ ધરી છે. જેના આધારે અન્ય ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

વૃક્ષ વાવો - સમૃદ્ધિ લાવો
પર્યાવરણનું જતન કરીએ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ફર્નિચર ભાડે મળશે

ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com